શાપર ગામના પાટીયા પાસે રિક્ષામાંથી દારૂની ૧૨ બોટલ ઝબ્બેઃ

નાઘેડીની સોસાયટીમાં ભાડાના મકાનમાંથી મળી આવી ઈંગ્લીશ દારૂની ૯૪ બોટલઃ એકની અટક, એકનું નામ ખૂલ્યું

જામનગર તા. ૭: જામનગર-ખંભાળિયા રોડ પર નાઘેડી ગામમાં એક સોસાયટીમાં મકાન ભાડે રાખી તેમાં ઈંગ્લીશ દારૂનો એક શખ્સે જથ્થો રાખ્યો હોવાની બાતમી પરથી ત્રાટકેલી એલસીબીએ ઈંગ્લીશ દારૂની નાની મોટી ૯૪ બોટલ સાથે આ શખ્સને દબોચી લીધો છે. જ્યારે શાપર ગામના પાટીયા પાસે એક રિક્ષામાંથી ઈંગ્લીશ દારૂની બાર બોટલ એલસીબીએ ઝબ્બે લીધી છે. બે આરોપીની અટકાયત કરાઈ છે અને ત્રણ આરોપીના નામ ખુલ્યા છે. જામજોધપુરના સિદસર ગામની સીમમાં એક ખેતરમાંથી દારૂની બે બોટલ મળી આવી છે.

જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર આવેલા નાઘેડી ગામના એક શખ્સના મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો પડ્યો હોવાની બાતમી એલસીબીના દિલીપભાઈ તલાવડીયા, હિતેન્દ્રસિંહ, મયુરસિંહને મળતા પીઆઈ વી.એમ. લગારીયાને વાકેફ કરાયા પછી પીએસઆઈ સી.એમ. કાંટેલીયા, એમ.વી. ભાટીયાના વડપણ હેઠળ ગઈકાલે બપોરે એલસીબી સ્ટાફે નાઘેડી ગામમાં માધવ રેસીડેન્સી-રમાં આવેલા હાર્દિકસિંહ કિરીટસિંહ જાડેજાના ભાડાના મકાનમાં દરોડો પાડ્યો હતો.

આ મકાનની તલાશી લેવામાં આવતા ત્યાંથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબની બાવન મોટી બોટલ તથા બેતાલીસ ચપલા મળી આવ્યા હતા. સ્થળ પરથી હાર્દિકસિંહ જાડેજાની અટકાયત કરવામાં આવી છે અને દારૂનો જથ્થો, એક મોબાઈલ મળી રૂા.૬૦૬૦૦નો મુદ્દામાલ કબજે કરાયો છે. આ શખ્સે પોતાના સાગરિત શંકરટેકરીવાળા મુન્નાભાઈનું નામ આપ્યું છે.

ઉપરોક્ત દરોડા ઉપરાંત એલસીબીના દિલીપભાઈ તલાવડીયા, યુવરાજસિંહને મળેલી બાતમીના આધારે બેડ ટોલનાકાથી આગળ શાપર ગામના પાટીયા પાસે એલસીબી સ્ટાફે વોચ રાખી હતી. તે દરમિયાન ત્યાંથી પસાર થયેલી એક રિક્ષાને રોકી લેવામાં આવી હતી. તે રિક્ષાની તલાશી લેવાતા તેમાંથી ઈંગ્લીશ દારૂની બાર બોટલ મળી આવી હતી. બોટલ સાથે રિક્ષાના ચાલક મોહનનગર આવાસમાં રહેતા ભાવિન સુરેશભાઈ મહેતા નામના વણિક શખ્સની અટકાયત કરાઈ છે. તેણે હાર્દિકસિંહ કિરીટસિંહ જાડેજા તથા લાલપુરના ઝાખર ગામના ધમભા ચુડાસમાના નામ આપ્યા છે. એલસીબીએ બોટલ, રિક્ષા, એક મોબાઈલ મળી રૂા.૧,૨૦,૬૦૦નો મુદ્દામાલ કબજે કરાયો છે.

જામજોધપુર તાલુકાના સિદસર ગામની કહારીયા સીમ પાસે આવેલા સિદસર ગામના લગધીરસિંહ વિક્રમસિંહ વાળાના ખેતરમાં ગઈકાલે સાંજે જામજોધપુર પોલીસે દરોડો પાડી તલાશી લેતા ત્યાંથી ઈંગ્લીશ દારૂની બે બોટલ મળી આવી હતી. દરોડા પહેલાં લગધીરસિંહ નાસી જતા તેની શોધખોળ કરાઈ રહી છે.

પોલીસને બોલાવ્યાનો ખાર રાખી યુવાનને ધોકાવાયોઃ

વેચાતી આપેલી જમીનના પૈસા પરત અપાવવા કહી ખીજડિયામાં ખેડૂત સહિત બે પર હલ્લો

જામનગર તા. ૭: જામનગર નજીકના ખીજડિયા ગામના એક ખેડૂતે સુરતના ખેડૂત પાસેથી અન્ય વ્યક્તિઓને દલાલી મેળવી જમીન વેચાતી અપાવી હતી. તે જમીન હવે નથી જોઈતી તેમ કહી ત્રણ સપ્તાહ પૂર્વે ચાર વ્યક્તિએ ખીજડિયા આવી આ ખેડૂત તથા અન્ય વ્યક્તિને માર માર્યો હતો. જ્યારે પોલીસને બોલાવનાર કલ્યાણપુરના બામણાશા ગામના એક યુવાનને છ શખ્સે ઢીકાપાટુ, પાઈપથી માર મારી હાથ ભાંગી નાખ્યો હતો.

જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર ખીજડિયા ગામમાં વસવાટ કરતા અને ખેતીકામ કરતા ભીખુભાઈ પોપટભાઈ ચાંગાણી નામના ખેડૂતે થોડા વખત પહેલાં સુરતના ઈબ્રાહીમભાઈ નામના ખેડૂત પાસેથી જમીન ખરીદવા ઈચ્છતા રાજકોટ જિલ્લાના મોટા મૈવા ગામના નારણભાઈ કારાભાઈ બેરા, વિજયભાઈ ગોવિંદભાઈ પટેલ, મનિષ રતીલાલ પણસારાને એક જમીન વેચાતી અપાવી હતી અને દલાલી પ્રાપ્ત કરી હતી.

ત્યારપછી ઉપરોક્ત જમીન અમારે જોઈતી નથી, અમારા પૈસા ઈબ્રાહીમભાઈ પાસેથી પરત અપાવી દે તેમ કહી ગઈ તા.૧૩ની બપોરે નારણભાઈ, વિજયભાઈ, મનિષભાઈ તથા નારણભાઈના ભત્રીજાએ સુરતથી ધસી આવી બોલાચાલી કરી હતી. નારણભાઈએ ગાળો ભાંડી હતી અને વચ્ચે પડેલા પિયુષને આ વ્યક્તિઓએ ઢીકાપાટુથી માર માર્યો હતો. પંચકોશી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભીખુભાઈએ ફરિયાદ નોંધાવી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના બામણાશા ગામના અનોપસિંહ લખુભા વાઢેર ઉર્ફે અનુપસંગે ગયા બુધવારે સાંજે બામણાશા ગામના પાટીયા પાસે દુકાન નજીક કેટલાક મજૂરો બોલાચાલી કરતા હોવાથી ૧૧૨ નંબર પર કોલ કરી પોલીસને બોલાવતા તે બાબતનો ખાર રાખી નવુભા ગિરૂભા વાઢેર, લાલુભા ગિરૂભા, લોકેન્દ્રસિંહ ગિરૂભા ઉર્ફે મુન્ના, પ્રદીપસિંહ ગુલાબસિંહ વાઢેર, બિજરાજસિંહ નવુભા વાઢેર, જયપાલસિંહ નવુભાએ પાઈપ, ઢીકાપાટુથી માર મારી અનોપસિંહને ઈજા પહોંચાડી હતી. કલ્યાણપુર પોલીસ મથકમાં તેની ફરિયાદ કરવામાં આવી છે.

વહાણ દુબઈથી સામાન ભરીને બોસાસો ગયું હતુંઃ

સલાયાના વહાણમાં બોસાસો બંદર પર ભભૂકી આગઃ ૧૧ ક્રુ-મેમ્બરનો બચાવ

સલાયા તા. ૭: સલાયાના એક આસામીનું વહાણ દસેક દિવસ પૂર્વે દુબઈથી જનરલ કાર્ગો ભરીને બોસાસો જવા માટે નીકળ્યા પછી ગઈકાલે સવારે બોસાસો બંદર પર આવી પહોંચ્યું હતું પરંતુ ત્યાં પહોંચતા જ કોઈ રીતે વહાણમાં આગ લાગી જતાં વહાણ ભસ્મીભુત થયું છે. તે વહાણમાં સવાર ૧૧ ક્રુ-મેમ્બરને બચાવી લેવામાં આવ્યા છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયાના વહાણવટી સલીમ ઈસ્માઈલ ભાયા નામના આસામીનું ફૈઝ-એ-મહેબુબ મોયુદ્દીન નામનું અને બીડીઆઈ ૧૪૨૧ નંબરનું માલવાહક વહાણ ગઈ તા.૨૩ ફેબ્રુઆરીના દિવસે જુદો જુદો સામાન ભરીને દુબઈથી બોસાસો બંદર પર જવા માટે રવાના થયું હતું. આ વહાણમાં ૧૧ ખલાસીઓ સવાર હતા.

ઉપરોક્ત વહાણ જ્યારે ગઈકાલે બોસાસો બંદર પર પહોંચ્યું ત્યારે કોઈ રીતે વહાણમાં આગ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં આગે ભયંકર સ્વરૂપ પકડ્યું હતું. કાંઠા પરથી પાણીનો મારો શરૂ કરવામાં આવ્યો હતો પરંતુ આગમાં વહાણ હોમાઈ ગયું છે. આગ લાગતા જ તમામ ૧૧ ખલાસીઓ કૂદી પડ્યા હતા. તેઓને બચાવી લેવામાં આવ્યા છે. અંદાજે ૧૨૦૦ ટનની કેપિસીટી ધરાવતા આ વહાણમાં આગ લાગ્યાના અને વહાણ ભસ્મીભુત થઈ ગયાના બનાવની સલાયા જાણ થતાં વહાણવટી આસામીઓમાં દુખ પ્રસર્યું છે.

પ્રેમલગ્ન પછી છૂટાછેડાની વાત થતાં યુવકે કર્યા ઝેરના પારખાઃ

પિતાએ બાઈક ચલાવવા ન આપતા માઠું લાગી આવવાથી તરૂણે ગળાફાંસો ખાઈ કરી આત્મહત્યાઃ પરિવાર સ્તબ્ધ

જામનગર તા. ૭: જામનગર-ખંભાળિયા રોડ પર મણીભદ્ર વિલામાં વસવાટ કરતા એક પરપ્રાંતીય પ્રૌઢ પાસે તેમનો સોળ વર્ષનો પુત્ર અવારનવાર ચલાવવા માટે બાઈક માંગતો હતો પરંતુ પિતા તેની ઓછી વયના કારણે બાઈક આપતા ન હતા તેથી માઠું લાગી આવતા આ તરૂણે ગઈકાલે સવારે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. પોલીસે પિતાનું નિવેદન નોંધ્યું છે. જ્યારે કલ્યાણપુરના રાવલમાં નાનાના ઘેર આવેલા મૂળ પોરબંદર જિલ્લાના આદિત્યાણા ગામના એક યુવાનને પ્રેમલગ્ન કર્યા પછી પત્ની સાથે મનમેળ ન થતાં છૂટાછેડાની શરૂ થયેલી વાતચીતથી માઠું લગાડી ઝેરના પારખા કર્યા પછી તેઓનું સારવારમાં મૃત્યુ નિપજ્યું છે.

જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર આવેલા નાઘેડી ગામ પાસેના મણીભદ્ર વિલામાં વસવાટ કરતા મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના વતની પ્રતાપભાઈ નરશીભાઈ બામણીયા નામના પ્રૌઢના પુત્ર રાકેશભાઈ (ઉ.વ.૧૬)એ ગઈકાલે સવારે પોતાના રહેણાંક મકાનમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે.

આ બનાવની તેમના પરિવારને જાણ થતાં રાકેશભાઈને નીચે ઉતારી ચકાસવામાં આવતા તેઓ મૃત્યુ પામેલા જણાઈ આવ્યા હતા. પિતા પ્રતાપભાઈએ પોલીસને વાકેફ કરી છે. દોડી આવેલી સિક્કા પોલીસે મૃતદેહને પી.એમ. માટે ખસેડી પિતાનું નિવેદન નોંધ્યું છે. જેમાં તેઓએ જણાવ્યા મુજબ રાકેશભાઈ અવારનવાર પોતાના પિતા પાસે ચલાવવા માટે બાઈક માંગતા હતા પરંતુ સોળ વર્ષના પુત્રને પિતા બાઈક આપતા ન હોવાથી માઠું લાગી આવતા આ તરૂણે ગળાફાંસો ખાઈ લીધો છે. પોલીસે તપાસ શરૂ કરી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના રાવલ ગામમાં મોસાળ ધરાવતા મૂળ પોરબંદરના રાણાવાવ તાલુકાના આદિત્યાણા ગામના ચેતનભાઈ અનિલભાઈ પાંડાવદરા (ઉ.વ.૨૪) નામના યુવાને ગુરૂવારની રાત્રે નાનાના ઘેર કોઈ ઝેરી દવા ગટગટાવી લીધી હતી તેની જાણ થતાં ચેતનભાઈને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેઓનું ગઈ કાલે સાંજે મૃત્યુ નિપજ્યું છે.

આ બનાવ અંગે મૃતકના નાનાભાઈ હિતેશભાઈ પાંડાવદરાનું પોલીસે નિવેદન નોંધ્યું છે. જેમાં તેઓએ જણાવ્યા મુજબ ચેતનભાઈએ કેટલાક સમય પહેલાં એક યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. તે પછી પતિ-પત્ની વચ્ચે વિખવાદ થતાં છૂટાછેડાની વાત શરૂ થઈ હતી. છૂટાછેડા થશે તેમ મનમાં લાગી આવતા ચેતનભાઈએ ઉપરોક્ત પગલું ભર્યાનું ખૂલ્યું છે. પોલીસે અપમૃત્યુ અંગે નોંધ કરી કાર્યવાહી હાથ ધરી છે.

આખા જિલ્લામાં આ વર્ષે પ્રથમ કેસ

લાલપુરમાં ધો. ૧૦ ની વિદ્યાર્થિની દુપટ્ટામાં કાપલી લઈને પરીક્ષા આપતી ઝડપાઈ ગઈ

બાકીના પેપર આપવાની મંજુરી અપાઈ

જામનગર તા. ૭: ધો. ૧૦ અને ધો. ૧૨ ની વાર્ષિક પરીક્ષાઓ ચાલી રહી છે. દરમિયાન ગઈકાલે જામનગર જિલ્લામાં ગેરરીતિનો એક કેસ નોંધાયો હતો. આમ જિલ્લામાં ગેરરીતિનો પ્રથમ કેસ નોંધાયો છે. ધો. ૧૦ અને ૧૨ ની પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવી રહી છે.

દરમિયાન ગઈકાલે સવારે ધો. ૧૦ ની પરીક્ષામાં એલએલએ મહેતા કન્યા વિદ્યાલય-લાલપુરમાં બેઝિક ગણિતનું પેપર લેવામાં આવી રહ્યું હતું, જ્યારે એક વિદ્યાર્થિની પોતાના દુપટ્ટામાં કાપલી સાથે લાવી હોવાનું જણાતા તેની સામે ગેરરીતિ અંગેનો કેસ નોંધવામાં આવ્યો છે, જો કે અન્ય પેપરની પરીક્ષા આપવા તેણીને મંજુરી અપાઈ છે.

રિસામણેથી તેડી જવાયા પછી પણ થઈ બોલાચાલીઃ

પતિના ત્રાસથી કંટાળી જઈ પરિણીતાએ ઝેરના પારખા કર્યાઃ પતિ સામે ગુન્હો નોંધાયો

જામનગર તા. ૭: જામનગરના હાપાના ખારી વિસ્તારમાં રહેતા એક પરિણીતાએ પતિના ત્રાસથી કંટાળી ઝેરી દવા પી લેતા તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. ભાઈના ઘેર રિસામણે ચાલ્યા ગયેલા આ મહિલાને પતિ ફરીથી તેડી આવ્યા પછી બોલાચાલી થતાં તેણીએ આ પગલું ભર્યું હતું. પોલીસે તેણીના નિવેદન પરથી પતિ સામે ગુન્હો નોંધ્યો છે.

જામનગર નજીકના હાપાના ખારી વિસ્તારમાં આવેલા બાવરીવાસમાં રહેતા કવિતાબેન શિવરતન સોલંકી (ઉ.વ.૨૫) નામના પરિણીતાએ ગઈકાલે સવારે હાપાના ઢાળીયા પાસે ફાટક બાજુના રસ્તા પર જઈ કોઈ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. આ મહિલાને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ બાબતની પોલીસને જાણ કરવામાં આવતા પંચકોશી એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.આર. પરમાર દોડી ગયા હતા. તેઓએ કવિતાબેનનું નિવેદન નોંધ્યું છે. જેમાં તેઓએ જણાવ્યા મુજબ તેણીના પતિ શિવરતન ઉર્ફે વિજય સોલંકી અવારનવાર શારીરિક તથા માનસિક ત્રાસ આપી પજવતો હોવાથી ચારેક મહિના પહેલાં કવિતાબેન ભાઈના ઘેર હનુમાન ટેકરી પાસે રહેવા જતા રહ્યા હતા.

ત્યારપછી ગુરૂવારે રાત્રે શિવરતન તથા અન્ય વ્યક્તિઓ સમાધાન કરી કવિતાબેન અને તેમના બાળકોને લઈ જવા માટે આવ્યા પછી ફરીથી પતિ સાથે બોલાચાલી થતાં માઠું લાગી આવવાથી તેણીએ ઝેરના પારખા કર્યા છે. પોલીસે તેણીના નિવેદન પરથી શિવરતન ઉર્ફે વિજય સોલંકી સામે બીએનએસની કલમ ૮૫ હેઠળ ગુન્હો નોંધ્યો છે.

ઝાડને પાણી પીવડાવતી વખતે પ્રૌઢને હાર્ટએટેકઃ

જમીને ઓખાની જેટી પર બોટમાં આડા પડખે પડેલા માછીમારને આવ્યો હૃદયરોગનો હુમલો

જામનગર તા. ૭: ઓખાના આર.કે. બંદર પર એક બોટમાં ગઈકાલે બપોરે જમીને આડા પડખે પડેલા એક માછીમારને હૃદયરોગનો હુમલો ભરખી ગયો છે. જ્યારે ખંભાળિયાના કુવાડીયામાં એક શાળાના પટાંગણમાં ઝાડને પાણી પીવડાવતી વેળાએ છાતીમાં દુખાવો ઉપડતા ઢળી પડેલા ખંભાળિયાના પ્રૌઢનું પ્રાણપંખેરૂ ઉડી ગયું છે.

ઓખામંડળમાં આવેલા આર.કે. બંદર પર કૃષ્ણલીલા નામની બોટમાં માછીમારી કરવા માટે મોટી દમણથી આવીને રહેતા મણીલાલ ગોપાલભાઈ હડપતી (ઉ.વ.૫૪) નામના પ્રૌઢ ગઈકાલે બપોરે સાડા બારેક વાગ્યે ભોજન લીધા પછી બોટની કેબીનમાં વામકૂક્ષી કરતા હતા ત્યારે તેઓને હૃદયરોગનો તિવ્ર હુમલો આવી જતા તેમનું મૃત્યુ નિપજ્યું છે. મહેન્દ્રભાઈ ટંડેલે પોલીસને જાણ કરી છે.

ખંભાળિયા શહેરમાં વસવાટ કરતા અને ખંભાળિયા તાલુકાના કુવાડીયા ગામના પાટીયા પાસે લીટલ સ્ટાર સ્કૂલમાં નોકરી કરતા રાજેશભાઈ ભીખાભાઈ ઓડીચ (ઉ.વ.૪૯) નામના પ્રૌઢ ગઈકાલે સવારે શાળાના પટાંગણમાં ઉગાડવામાં આવેલા ઝાડમાં પાણી પીવડાવતા હતા ત્યારે છાતીમાં દુખાવો ઉપડતા બેભાન બની ઢળી પડ્યા હતા. સારવાર માટે દવાખાને લઈ જવાયેલા રાજેશભાઈનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ નિપજ્યાનું ધીરજભાઈ ભીખાભાઈ ઓડીચે પોલીસમાં જાહેર કર્યું છે.

જોઈએ છે
સેલ્સમેન / મેનેજમેન્ટ માટે
B.COM PASS
શ્રદ્ધા એસ્ટેટ એજન્સી
ઓફિસ નં. ૧૦૨, માધવ દર્શન, કિકેટ બંગલા સામે, જામનગર.
બાયોડેટા સાથે રૂબરૂ મળવાનો સમય
11.00 AM to 01.30 PM
05.00 to 07.30 PM

આજનો દિવસ અમારો
તા.૦૭-૦૩-૨૦૨૬ (શનિવાર)
સ્વ. શ્રી પુરૂષોત્તમ (શાંતિલાલ) રણછોડદાસ રાચઠ્ઠા
(ગામ ઓખા પોર્ટ)
હસ્તેઃ CA હરેશભાઈ પી. રાચઠ્ઠા
એમ. પી. શાહ મ્યુનિસિપલ ગુરૂકુલમ
એસ.બી.શર્મા વર્લ્ડ સ્કુલની બાજુમાં, ખોડીયાર કોલોની, જામનગર-૩૬૧૦૦૧
ફોન: ૦૨૮૮ ૨૪૧૦૭૫૦, ૯૯૭૮૮૯૯૭૨૨

Living Legend Winning Hearts All Over !!!
રાજકોટ
તા.14 શનિવાર
રાત્રે 9.30 ક.
ડેમુ ગ્રાઉન્ડ હોલ, રાજકોટ
જામનગર
તા.15 રવિવાર
રાત્રે 9.30 ક.
રણજીત હોલ, જામનગર
The Wait is Over !!
જીંદગીભર યાદ રહી જાય તેવો અદભુત જલસો
ગીત ગઝલની શાહકાર મહેફીલ
LIVE IN CONCERT
લોકપ્રિય પ્રોગ્રેસ સિંગર
મનહર ઉધાસ
ટિકિટ બુકિંગ માટે સંપર્ક
રાજકોટઃ દિનેશ વિરાણી 99040 93039
જામનગરઃ ઉમંગ ભદ્રા 95744 70467
bookmyshow
શો સંપર્કઃ નૈતિક નાયકઃ 95580 59249

નવમી વાર્ષિક પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલી

સ્વ. પ્રવિણચંદ્ર મોતીચંદ પતિરા
જન્મ તા.૨૮-૮-૧૯૩૮ ✦ સ્વ.તા.૬-૩-૨૦૧૭
પ્રેમથી બેટા કહેનાર હવે નહી મળે, દુઃખોમાં વડીલસમી છાયાં આપનાર હવે નહી મળે, પહેલા આંસુ આવતા ત્યારે તમે દોડી આવતા, અત્યારે યાદ આવતાં આંસુ દોડી આવે છે, લાખો લડાવી લાડ પ્રેમથી મોટા કર્યાંસે પિતાની મીઠી છાયાં આ જગતમાં નહિ મળે, પરમકૃપાળુ આપના આત્માને શાંતિ આપે...
આપના પરિવારજનો
ગં.સ્વ. ચંદ્રિકાબેન પ્રવિણચંદ્ર પતિરા
સુજુત પ્રવિણચંદ્ર પતિરા | જયેશ પ્રવિણચંદ્ર પતિરા | સંદિપ પ્રવિણચંદ્ર પતિરા
જુહા સુજુત પતિરા | નિમીષા જયેશ પતિરા | અલ્પેશા સંદિપ પતિરા
કૃપા સુજુત પતિરા | ધારિત્રી જયેશ પતિરા | દેવાંશી સંદિપ પતિરા
આકાંક્ષા સુજુત પતિરા | | જેયલ સંદિપ પતિરા
જમીન ધીરજલાલ મહેતા - સંગીતા જમીન મહેતા
PATIRA BROTHERS | TARANG | AAKAR

ચેકની રકમ મુજબનો દંડ ભરવા આદેશઃ

રૂા.૮૫ હજારના ચેક પરતના કેસમાં નગરના આસામીને એક વર્ષની કેદ

જામનગર તા. ૭: જામનગરના એક આસામીને રૂા.૮૫ હજારના ચેક પરતના કેસમાં અદાલતે એક વર્ષની કેદ અને ચેકની રકમ મુજબનો દંડ ફટકાર્યો છ.

જામનગરમાં વસવાટ કરતા તેજસ રાજેશભાઈ નંદા પાસેથી તેજસ રવજીભાઈ વધાડીયાએ રૂા.૮૫ હજાર હાથઉછીના લીધા હતા. તે રકમની પરત ચૂકવણી માટે તેજસ વધાડીયાએ ચેક આપ્યો હતો. તે ચેક પરત ફર્યો હતો.

ત્યારપછી તેજસ નંદાએ નોટીસ પાઠવી હતી. તેમ છતાં ચેક મુજબની રકમ પરત ન મળતા કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી. તે કેસ ચાલી જતાં જામનગરની અદાલતે આરોપીને તકસીરવાન ઠરાવી ધી નેગો. ઈન્સ્ટ્રુ. એક્ટની કલમ ૧૩૮ હેઠળ તેજસ રવજીભાઈ વધાડીયાને એક વર્ષની સજા અને રૂા.૮૫ હજારનો દંડ ફટકાર્યો છે. દંડ ન ચૂકવાય તો વધુ ત્રણ મહિનાની કેદની સજાનો આદેશ કરાયો છે. ફરિયાદી તરફે વકીલ ભગીરથસિંહ ઝાલા, કલ્પેન રાજાણી રોકાયા હતા.

રોડ પર મચ્છીઓ વેરણછેરણ થઈ ગઈઃ

ફલ્લા પાસે મચ્છી ભરેલી પીકઅપ વાનનું ગોથું

જામનગર તા. ૭: જામનગર-રાજકોટ માર્ગ પર ફલ્લા પાસે ગઈકાલે સાંજે એક બોલેરો તેના ચાલકના કાબૂ બહાર ગયા પછી ડિવાઈડર સાથે ટકરાઈ પડી હતી. આ પીકઅપ વાનમાં લઈ જવામાં આવી રહેલી મચ્છી રોડ પર વેરણછેરણ થઈ ગઈ હતી. અકસ્માતમાં ચાલકનો બચાવ થયો છે.

જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર આવેલા ફલ્લા ગામ પાસેથી ગઈકાલે સાંજે એક બોલેરો પીકઅપ વાન પસાર થતી હતી ત્યારે કોઈ કારણથી બોલેરોના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબૂ ગૂમાવી દીધો હતો. રોડ પર થોડે સુધી સર્પાકારે દોડી બોલેરો ડિવાઈડર સાથે ટકરાઈ પડી હતી અને ગોથું મારી ગઈ હતી. આ વેળાએ પીકઅપ વાનમાં ભરેલી મચ્છી રસ્તા પર વેરણછેરણ થઈ ગઈ હતી. અકસ્માતના સ્થળે હાજર લોકો દોડી આવ્યા હતા. તે દરમિયાન આડી પડી ગયેલી બોલેરોમાંથી તેનો ચાલક સહીસલામત રીતે બહાર નીકળી આવ્યો હતો.

જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, નાયબ પોલીસ અધિક્ષકશ્રી (શહેર) શું આપશ્રી મને મારી ફરિયાદ અંગે નો જવાબ આપશો..??

પ્રતિ, માનનીય જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી જામનગર, નાયબ પોલીસ અધિક્ષકશ્રી જામનગર (શહેર), પી. આઇ. "એ" ડિવિઝન જામનગર વિગેરે ને મારી જાણ ફરિયાદ (કોગ્નિઝેબલ ઓફેન્સ ડિસ્ક્લોઝડ) તારીખ: ૦૨/૦૪/૨૦૨૧, ૦૩/૦૬/૨૦૨૨ અને ૦૪/૧૧/૨૦૨૩ ના રોજ જૂની સેક્શન ૧૫૪, ૧૫૪ (૧-૨-૩) મુજબ આરોપીઓ વિરૂદ્ધ એફ.આઈ.આર નોંધવા માટે કાયદાકીય પ્રક્રિયા મુજબ આપેલ હતી. જે ફરિયાદો સંદર્ભે સેવા તીર્થ પી.એમ.ઓ. ઓફિસ, ન્યુ દિલ્હી, સી.એમ.ઓ. ઓફિસ, ગુજરાત, ગુજરાત ના ડાયરેક્ટર જનરલ ઓફ પોલિસશ્રી વિગેરેએ મારી ફરિયાદ સંદર્ભે છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન અનેક ઇમેલ-પત્રો જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ને ફરિયાદ બાબતે મોકલવામાં આવેલ છે. એફ.આઈ.આર નોંધવા અંગે નામદાર સુપ્રીમ કોર્ટ ના અનેક મહત્વપૂર્ણ ચુકાદાઓ મારા દ્વારા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી જામનગરને આપવામાં આવેલ છે છતાં ઉપરોક્ત જવાબદાર પોલીસ અધિકારીઓ દ્વારા આજ સુધી એફ.આઈ.આર નોંધવામાં આવેલ નથી, જે બાબતે હું અનેકવાર નાયબ પોલીસ અધિક્ષકશ્રી જામનગર (શહેર), પી. આઇ. શ્રી "એ" ડિવિઝન જામનગર ને રૂબરૂ મળી ને મેં પૂછ્યું છે કે કયા કારણોસર આજ સુધી આરોપીઓ વિરુધ્ધ એફ.આઈ.આર. નોંધવામાં આવી નથી જેની જાહેર ખુલાસો કરવામાં આવે તેમજ કઈ વ્યક્તિ ના ઇશારે એફ.આઈ.આર નથી નોંધવામાં આવી તે નામ જાહેર કરવામાં આવે. શું ઉપરોક્ત અધિકારીશ્રીઓ જવાબ આપશે કે નામદાર સુપ્રિમ કોર્ટના મહત્વપૂર્ણ ચુકાદાઓ ની જાણી-બૂઝી ને અવમાનના કરવામાં આવશે...??

ભ્રષ્ટાચાર સામે લડવું એ આપણી પવિત્ર ફરજ છે -શ્રી નરેન્દ્રભાઈ મોદી (ભારતના પ્રધાન સેવક)

- ભાવેશ જોઈસર
(ફરિયાદી - પીટીશનર ઈન પર્સન) જામનગર.

Editor, Printer & Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing & Publishing by him at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar-361001 ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752